# પ્રકરણ : ૬

# ઉપસંહાર

કવિતાએ માનવમનની સુકોમળ અભિવ્યક્તિ છે. આચાર્ય દંડી પણ કહે છે કે જો આ શબ્દરૂપી જ્યોત પ્રકાશતી ન હોત તો ત્રણેય લોકમાં અંધકાર હોત. ભારતીય કાવ્યશાસ્ત્ર પરંપરામાં કવિતાને વિદ્યાનું સ્વરૂપ ગણવામાં આવે છે. 64 કળાઓમાં ''કાવ્ય–કળાને સ્થાન આપવામાં આવ્યું છે. આમ, કાવ્ય એ માનવમનનું સૌ પ્રથમ આલેખિત શબ્દસ્વરૂપ છે અને ભારતીય સંસ્કૃતિ / પરંપરામાં કાવ્યને એક વિશિષ્ટ અને સન્માન્ય સ્થાન આપવામાં આવ્યું છે.

વેદો – ઉપનિષદો પછી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પ્રવાહ પંડિતરાજ જગન્નાથ સુધીમાં મહદ્ વિકાસ સાધી લે છે. આ લાંબા સમય પટ્ટામાં અનન્ય વેદસાહિત્ય, ઉપનિષદો, આરણ્યકો, રામાયણ મહાભારત, અઢાર પુરાણો, પંચ મહાકાવ્યાદિ, અપદ્યાગદ્ય, ખંડકાવ્યો વગેરે અનેક પ્રકારનાં ગદ્ય–પદ્ય સાહિત્યનું ખેડાણ થતું આવ્યું. સોળમી સદીમાં પંડિત જગન્નાથનાં દેહાવસાન પછી પણ સમગ્ર ભારતમાં સંસ્કૃત ધવેકાવ્ય – સર્જનની પ્રક્રિયા વધતે ઓછે અંશે સતત ચાલતી જ રહી. ડો. શ્રીધર વર્ણીકર નોંધે છે એ મુજબ સતરમી, અઢારમી અને ઓગણીસ સદીનાં પૂર્વાધમાં અનેક કાવ્યો / મહાકાવ્યો) ખંડકાવ્યો રચાતાં રહ્યાં. જે મહદંશે રામ, કૃષ્ણ, શિવ કે રામાયણ / મહાભારત આધારિત હતા.

આપણે આગળનાં પ્રકરણોમાં વિગતવાર ચર્ચા કરી તે મુજબ પુનઃ જાગરણ કાળથી શરૂ કરીને 1980 પછીનાં આધુનિક કાળમાં પણ સંસ્કૃત સર્જકોએ પોતાની સર્જન પ્રક્રિયા સતત ચાલુ રાખીને આ ભાગીરથીનાં પ્રવાહને વધુ સમૃધ્ધ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. સંસ્કૃત સાહિત્ય માટેનાં જબરદસ્ત ઉથલપાથલના કે વિશિષ્ટ સમન્વયના કહી શકાય એવા 1980 થી 90 આજ સુધીનાં આ આધુનિક કાળ દરમ્યાન કેટલાંક સંસ્કૃત સર્જકોએ પોતાનાં વિશિષ્ટ સર્જન વડે એક ચોક્કસ ચૈતસિક પ્રતિભાવને સુપેરે પ્રગટ કર્યો. ઉક્ત આધુનિક

કાળ દરમ્યાન ડૉ. રેવાશંકર દ્વિવેદી, ડૉ. હરિદત્ત શર્મા, શ્રી નિવાસરથ, ડૉ. રાજેન્દ્ર મીશ્ર, ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી, ડૉ. રમાકમાંત શુકલ, ડૉ. રાજેન્દ્ર નાણાવટી, ડૉ. હર્ષદેવ માધવ વગેરે અગ્રણી કવિઓએ સંસ્કૃત કવિતાને આધુનિક સંસ્પર્શ આપવામાં સિંહફાળો નોંધાવ્યો.

આધુનિક સંસ્કૃત સાહિત્યનાં મૂર્ધન્ય કવિશ્રી હર્ષદેવ માધવ એ વર્તમાન સંસ્કૃત સાહિત્યકારનું તેજસ્વી નક્ષત્ર છે. છેલ્લાં ત્રણેક દાયકાઓથી તેમની સર્જનયાત્રાની ગંગોત્રીનો પ્રવાહ સંસ્કૃત સાહિત્યને સમૃદ્ધ કરતો રહ્યો છે. સંખ્યા અને ગુણવતા એમ બંને દષ્ટીએ નોંધપાત્ર સર્જન કરીને શ્રી હર્ષદેવ માધવે આધુનિક સંસ્કૃત કવિતાને એક નવી ઉંચાઈ બક્ષી છે. અહીં શ્રી હર્ષદેવ માધવનાં (1) मृगया (2) बुधस्थ भीक्षापात्रे તથા (3) तव स्पर्शे स्पर्शे એ ત્રણ કાવ્યસંગ્રહોનાં પરિપ્રેક્ષ્યમાં કવિશ્રીની ઉક્ત કાવ્ય–સૃષ્ટીમાં પ્રગટ થતી વૈવિધ્યપૂર્ણ ચેતના, સંવેદના વગેરેનો અભ્યાસ કરવાનો અને તેનું સાહિત્યિક મૂલ્યાંકન કરવાનો નમ્ર ઉપક્રમ હાથ ધરાયેલ છે.

<u>मृगया</u> :

શ્રી હર્ષદેવ માધવની યશકલગીની શોભામાં એક વિશિષ્ટ ઉમેરણ કરતો मृगया એ કવિનો ચોથો કાવ્યસંગ્રહ છે. જેને કલ્પવલ્લી પુરસ્કારથી પોષવામાં આવેલ છે. આ સંગ્રહમાં સંગ્રહિત ૨૦ અછાંદસ કાવ્યોમાં ચિંતનનું વૈવિધ્ય પ્રગટે છે. કવિશ્રીની કેન્દ્રિયત મુજબ – ‘‘આ કવિતાઓ વૃક્ષની જેમ ઉગી છે, વરસાદની જેમ પ્રસરી છે, બોમ્બ માફક ફૂટી છે ને દેશનાં ખૂણે ખૂણે પહોંચી છે.’’

પ્રથમ કાવ્ય मृगत्व માં मृगत्व એ આધુનિક મનુષ્યની પામરતા, લઘુતા અને દીનતાનું પ્રતીક બનીને આવે છે. मृगया એ હિંસા, આતંકવાદ, પ્રદૂષણ જેવી આધુનિક વૈશ્વિક સમસ્યાઓને સ્ફૂટ કરતું ઉત્તમ કાવ્ય છે. भूकम्पोत्तरम કાવ્ય કવિ હૃદયની વિદ્રાવક સ્થિતિ પ્રગટ કરે છે તો मानचित्र–पूरण प्रश्नः કાવ્યમાં ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા જેવી

રાષ્ટ્રીય સમસ્યાઓ પરત્વે કવિ ઉધ્વેગ વ્યક્ત કરે છે. અન્ય કાવ્યો દિશા, નગર, અસ્તિત્વ – ગ્રહણ, રાવણ–રાજય, અનપત્યતા, હેમંત, પ્રેમનો પ્રવાલદ્વીપ વગેરે વિવિધ વિષયોને નિરૂપે છે.

શ્રી અભિરાજ રાજેન્દ્ર મિશ્ર मृगया કાવ્યસંગ્રહ વિશે નોંધે છે તે મુજબ – "His emagination is wonderful. This is the Poetry of Experience. The contemporary Sanskrit Bharati has possessed significance by his poetry nourishing new path." આમ, નાવીન્યપૂર્ણ અને તાજગી સભર કાવ્યસંગ્રહ मृगया એ આધુનિક સંસ્કૃત સાહિત્યનાં અણમોલ મોતી સમાન છે.

**बुद्धस्य भिक्षापात्रे :**

આધુનિક સંસ્કૃત કવિતાનાં સામર્થ્યવાન કવિશ્રી હર્ષદેવ માધવનો વર્ષ–2009 માં પ્રકાશિત આ વિલક્ષણ કાવ્યસંગ્રહ બે વિભાગોમાં વિભાજિત છે. પ્રથમ વિભાગ "प्रणयः कम्बल सदृशोऽस्ति" માં પ્રણય, ઊંટ, પુસ્તક, ભૂકંપ, સ્નાનગૃહ, કવચ, રથ, વર્ષા, અસ્તિત્વ–ગ્રહણ, પ્રથમવર્ષા સહિત 14 કાવ્યો છે. દ્વિતીય વિભાગ – "बुद्धस्य भिक्षापात्रे" અંતર્ગત ગૃહિણી, વૃક્ષ, મૃગતૃષ્ણા, ખેડૂત, મોર, ગાંધી, વેશ્યા, ઈશ્વર જેવા 39 કાવ્યો છે. આમ, વિવિધ વિષયવસ્તુને નિરૂપતાં કુલ 53 કાવ્યો આ સંગ્રહમાં સંગ્રહિત છે.

હમણાં હમણાં ''મોનો ઈમેજ'' નામનાં કાવ્યપ્રકારનો આવિષ્કાર થવા લાગ્યો છે. ''મોનો ઈમેજ'' નું કાવ્ય કૌશલ્ય એટલે કોઈપણ એક કલ્પન લઈ તેને અછાંદસ, ગીત, ગઝલ જેવા જુદા જુદા સ્વરૂપમાં ઢાળવું. Image થી કાવ્યમાં ચમત્કૃતિ સધાય. પરંતુ Mono-Image થી વૈવિધ્ય લાવી શકાય. સંસ્કૃત સાહિત્યમાં આ કાવ્યપ્રકારને સૌ પ્રથમ ઉતારવાનું પ્રશસ્ય કાર્ય શ્રી હર્ષદેવ માધવે કર્યુ છે. આ સંગ્રહમાં કવિશ્રીનાં વિવિધ વિષયો ઉપરનાં મોનોઈમેજ કાવ્યો સંગ્રહિત છે – ''સમય'' જેવા અઘરા વિષય પરનાં ૭૧ જેટલા મોનોઈમેજ કાવ્યો कालोऽस्मि માં સંગ્રહિત છે તો 'મૃત્યુ' વિષયનાં 104 જેટલા

મોનોઈમેજ કાવ્યો मृत्युशतकम् માં સમાવિષ્ટ છે. સમય અને મૃત્યુ જેવા સનાતન વિષયકેન્દ્રોની આસપાસ ફરતી કવિની ચેતના એક નૂતન ભાવવિશ્વનું નિર્માણ કરે છે.

बुद्धस्य भिक्षापात्रे કાવ્યસંગ્રહનાં पुरोवाक માં ડો. રાધભાવલ્લભ त्रिપાઠી નોંધે છે : अपने अक्षुण्ण मार्ग पर चलनेवाले इस कविने प्रतीक, बिम्ब, मिथक, वास्तववाद, अतिवास्तववाद, धनवाद, ध्वनि, रीति, अलंकारो का नई अर्थवता के साथ प्रयोग, नये उपमानो बिम्बो, वैश्विक सन्दर्भोके सकल उपयोग .... आदि विद्याओकी स्थापना के साथ "आधुनिक युगबोध" प्रस्तुत किया हैं, जो "अनूठा" हैं ।

''બુદ્ધનાં ભિક્ષાપાત્રમાં

ડૂબાડી દીધું છે

અણુબોમ્બથી બળતું નગર...''

કવિનું આ મોનોઈમેજ ૨૦ મી સદીનું શ્રેષ્ઠ મોનોઈમેજ બની ગયુ છે

## तव स्पर्शे स्पर्शे :

2004 માં પ્રકાશિત આ સંગ્રહમાં કુલ 139 જેટલાં કાવ્યો સંગ્રહિત છે. અહિં કાવ્યોનું વિષય વૈવિધ્ય ઉડીને આંખે વળગે એવું છે. આ કાવ્યોમાં હિમાલયથી ભર્તુહરિ અને કપોતાક્ષી નદી થી એમેઝોન નદી તેમજ ભિક્ષુકથી ખેડૂત તથા મંથરાથી ઉર્વશી સુધીનાં વિષયો પરત્વે કવિશ્રીએ સંવેદનો આલેખ્યાં છે.

આ સંગ્રહનુ મહત્વનું આકર્ષક તત્વ હોય તો છે પુરાકલ્પનોનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ, વેદ, ઉપનિષદ, પુરાણ, રામાયણ, મહાભારત, પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનાં નાટકો/કાવ્યો ઉપરાંત ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી સાહિત્યમાંથી પ્રાપ્ત થતાં મિથકો તેમજ પ્રાચીન ગ્રીક, રોમ જેવી સભ્યતાઓ સાથે સંકળાયેલ મિથકો અને પ્રતીકોને પ્રયોજીને

કવિએ સામાજિક ચેતના, નારી ચેતના, રાષ્ટ્ર ચેતના પ્રગટાવવાનું કાર્ય કર્યુ છે . જેમ કે शकुतलायाः उक्तिः કાવ્યમાં કવિ શકુંતલા, મંદોદરી, વૃંદા વગેરે મિથકોનાં ઉપયોગ કરી સમાજમાં અપમાનિત થઈ રહેલી સ્ત્રીઓની મનોદશાને પ્રગટાવે છે.

આમ, ઉક્ત કાવ્યોમાં કવિશ્રીએ પુરાકલ્પનોનો ઉચિત વિનિયોગ કરીને આધુનિક સંસ્કૃત કવિતાને નૂતન પરિણામો અને પરિમાણો બક્ષ્યાં છે.

આમ, ઉક્ત ત્રણેય કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં ભાવકને એવું ચોક્કસ પ્રતિપાદિત થાય છે કે કવિશ્રી હર્ષદેવ માધવે પોતાની કાવ્ય–ધારા દ્વારા આધુનિક – સંસ્કૃતને વિશ્વ સાહિત્યનાં મંચ પર પહોંચાડયું છે. વિખ્યાત વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. વસંત પરીખ નોંધે છે :

"Yes… Harshdev is a poet with difference. In Him Sanskrit Poetry regains a fresh vigour of youth. He has constructed a bridge between tradition and modernity in Sanskrit literature. He is a poet of experiments. He has done a number of experiments in forms, metres, diction and expression."

આમ, ગરવી ગુજરાતી ધરાનાં આ પ્રજ્ઞાવાન અને પ્રયોગશીલ કવિશ્રી ડૉ. હર્ષદેવ માધવે પોતાની શબ્દ પ્રત્યેની સંપૂર્ણ નિષ્ઠા, નિસ્બત, શ્રદ્ધા અને ઊર્જા સાથે આધુનિક સંસ્કૃત સાહિત્યમાં ખંતપૂર્વક ખેડાણ કરીને અર્વાચિન સંસ્કૃત કવિતાને ગતિ અને ગરિમા બક્ષીછે. કવિશ્રીની વૈશ્વિક ચેતનાનાં સ્પંદનો ઝીલતી આ સુદીર્ઘ શબ્દ સાધનાને ભાવપૂર્વક નમન.

॥ अस्तु ॥

## <u>રૂબરૂ મુલાકાત</u>

પ્રયોગશીલ કવિ ડૉ. હર્ષદેવ માધવ સાથે રૂબરૂ મુલાકાત લેનાર સંશોધનાર્થી સુ શ્રી સેજલ સમીર જોશી.

**(૧) નમસ્તે : ગુરૂજી !**

**આપશ્રી સંસ્કૃતમાં પ્રયોગશીલ કવિ તરીકે પ્રસિદ્ધ છો. આ પ્રયોગશીલતાનું મૂળ શું છે ?**

ડૉ. માધવ : નમસ્તે સેજલ બહેન ! હું ગુજરાતી સંસ્કૃત બન્ને ભાષામાં પ્રયોગશીલ રહ્યો છું તેનું મૂળ કારણ કશુંક નવું કરવાની વૃત્તિ અને ભાષામાં નવા પરિણામો ચકાસવાની વૃત્તિ. મેં 'મૃગયા' નામના સંગ્રહમાં લખેલું હતું કે ''ભાષા વીર્યવાન સર્જકોનાં સર્જનથી રઢીયાળી બનતી હોય છે. ચીલાચાલુ પરંપરાગત રેઢીયાળ સર્જન કરનારાઓ બધી ભાષાઓમાં હોય જ છે પરંતુ સારા સાહિત્યકારની પાસે ભાષા નવું પામવાની ઈચ્છા રાખતી હોય છે.''

**(૨) આપના સર્જનમાં ક્યા–ક્યા મહત્ત્વના પડાવો છે ?**

ડૉ. માધવ : પ્રથમ સંગ્રહથી લઈને આજ સુધીનું મારું સર્જન દરેક વખતે નવો પડાવ ઊભો કરે છે. 'મૃગયા'માં આધુનિક સંવેદનાવાળા કાવ્યો છે. 'કાલોસ્મિ' માં ચાર ભાષાની કવિતા ચિત્રો સાથે આવી છે. 'નિષક્રાન્તા સર્વે'માં ગીતો અને ગઝલો સાથે પ્રતીકવાદી રચનાઓ છે. 'ભાવસ્થિરાણિ' સંગ્રહમાં પરાવાસ્તવવાદી કાવ્યો છે. અને છેક પચ્ચીસમાં સંગ્રહમાં ફેસબુકના કાવ્યો સાથે 'નૈમિષારણ્યોપનિષદ' જેવી રચના છે. મેં હજુ સુધી મારી અન્તિમ મર્યાદા નક્કી કરી નથી.

**(૩) તમારે મતે વૈશ્વિકતા એટલે શું ?**

ડૉ. માધવ તમારો પ્રશ્ન ખૂબ સુંદર છે. વૈદિક ઋષિ કહે છે કે, આ સમગ્ર વિશ્વ એક માળો બની જાય છે આજે સાયબર યુગમાં વિશ્વની પ્રજાઓ એકબીજાના ગાઢ સંપર્કમાં છે.

ભાષાઓમાં આદાન–પ્રદાનની પ્રક્રિયા ચાલી રહી છે. ફેસબુક, વોટ્સ એપ જેવાં સાધનો વૈશ્વિક સંપર્કના માધ્યમો છે. આ સંદર્ભમાં સંસ્કૃતમાં પણ વૈશ્વિકતા જરૂરી છે.

**(૪) આ વૈશ્વિકતાનો શો અર્થ કરો છો ?**

ડૉ. માધવના વૈશ્વિકતા એટલે વિશ્વની પ્રકૃતિ વિશ્વસાહિત્ય, વિશ્વની ભાષાઓ અને ઉપમાનો આ બધાનો જ કાવ્યાત્મક રીતે વિનિયોગ કરવો. કાવ્યની નવી પરિભાષાઓ સમજવી. જો તમારી કવિતા બીજી ભાષામાં અનુવાદિત થઈ શકતી હોય તો જ સાચી કવિતા છે, એવું માનવું. તમે અભ્યાસ કર્યો છે તેથી જાણો છો કે મારા કાવ્યમાં વિશ્વની પ્રકૃતિના, સાહિત્યકૃતિઓનાં સાહિત્યકારોનાં અને સાહિત્ય સિવાયના વિષયોના પણ ઉલ્લેખો મળે છે.

**(૫) પ્રાચીન કવિતાથી આજની કવિતા કઈ રીતે જુદી પડે છે ?**

ડૉ. માધવ : કાલિદાસ, ભવભૂતિ, માઘ, ભારવિ વગેરે કવિઓનું ભાવવિશ્વ સીમિત હતું. કાલિદાસ વગેરે રાજાના આશ્રિત કવિઓ હતાં. રાજા મહારાજાઓનાં ભોગ વિલાસોથી તેઓ પરિચિત હતા. રાજ્યાશ્રિત કવિઓની જીંદગી પણ એશ –આરામવાળી હતી. કાલિદાસ કયારેય રેશનની લાઈનમાં ઊભા ન હતો. ભવભૂતિને બેકારીની સમસ્યા નડી ન હતી. માઘે ફૂટપાથ પર સૂતેલાં ગરીબ માણસોને નજીકથી જોયા ન હતાં. આજનો સંસ્કૃત કવિ વિવિધ સમસ્યાઓમાંથી પસાર થાય છે અને સર્જન કરે છે.

**(૬) આજની કવિતામાં વિષય–વૈવિઘ્ય છે તેનું શું કરણ છે ?**

ડૉ. માધવ : મેં આપને ઉપર કહ્યું તે જ કારણ છે. પ્રાચીન કવિઓ પાસે ઈતિહાસ, પુરાણના કથાનકો દેવ–દેવતાઓનાં ચરિત્રો અને રાજા મહારાજાઓની પરાક્રમ ગાથાઓ હતી. આજે દલિત ચેતના, નારી સંવેદના, અસ્પૃશ્યતાને લીધે સમાજની પીડા, ગરીબી, બેરોજગારી, રાજકારણના ભ્રષ્ટાચારો, સામાજિક, આર્થિક વગેરે સમસ્યાઓ આ બધું કવિની સંવેદનાનો વિષય બન્યો છે. ધીરોદાત્ત નાયક પર રચનાઓ કરવાનો મોહ જતો

રહ્યો છે. નગરોની અનેક સમસ્યામાંથી આજનો માણસ પીડાય છે. આજની કવિતા રાજમહેલો છોડીને ફૂટપાથ સુધી જાય છે.

**(૭) આપને એવું લાગે છે કે કાલિદાસની કવિતા કરતાં આજની કવિતા ઘણી ઊતરતી છે ?**

ડૉ. માધવ : મને આ વાતનું દુઃખ છે કે કાલિદાસની ફુટપટ્ટી લઈને લોકો આધુનિકતાનું કદ માપે છે. કાલિદાસનું ભાવવિશ્વ જુદું હતું આજના કવિનું ભાવવિશ્વ અલગ છે. અત્યારે કાલિદાસ બનવાની સ્પર્ધામાં કોઈ કવિતા લખતું નથી. જે આવી સ્પર્ધામાં લખે છે તેઓ નિષ્ફળ જાય છે, સર્વ ભાષાઓમાં સમયે–સમયે નવું સર્જન થતું રહે છે, અંગ્રેજીમાં આજના કવિને કોઈ શેક્સપિયર સાથે સરખાવતું નથી. સંસ્કૃત વિવેચકોની બેવકૂફી કે મૂર્ખાઈ છે કે તેઓ આજની કવિતાને નવી પરિભાષાઓથી સમજવાને બદલે પ્રાચીન માપદંડોથી માપવાની કોશિશ કરે છે એક કવિ તરીકે મારું પોતાનું ભાવવિશ્વ છે. હું મારા યુગને, મારા સમયને સારી રીતે જીવી શકું એ જ મારા લેખનનો હેતુ છે. મારે કાલિદાસ બનવું નથી એ જ રીતે કાલિદાસ હર્ષદેવ માધવ બની શકવાના નથી.

**(૮) 'बुद्धस्य भिक्षापात्रेद्धस्य भिक्षापात्रे' शीर्षक પાછળ તમારું શું કથિતવ્ય છે ?**

ડૉ. માધવ : આ એક મારું મોનો–ઈમેજ કાવ્ય છે. આ કાવ્ય 1977 થી 1980 વચ્ચે લખાયું હતું.

બુદ્ધના ભિક્ષાપાત્રમાં

'ફેંકાયું છે

અણુબોમ્બથી બળેલું નગર...'

નગર વિશેના આ મોનોઈમેજમાં બીજા વિશ્વયુદ્ધમાં 'તારાજ' થયેલાં નાગાસાકી અને હિરોસીમા નગરની વાત છે. જાપાનના આ બે નગરો અણુબોમ્બમાં નાશ પામ્યા હતાં. આજે વિશ્વ મહાયુદ્ધોના ભયથી ફફડે છે. મહાસત્તાઓ અણુબોમ્બને સાચવીને બેઠી છે. ઘડીના છઠ્ઠા ભાગમાં વિશ્વનો નાશ થાય તેવી શકયતાઓ છે. જ્યારે યુદ્ધનો વિનાશ

પાકી જાય છે ત્યારે છેવટે બુદ્ધની પાસે શાંતિ માગવા જાય છે. વિશ્વને શાંતિ જ સુખ પાપી શકશે. બીજું એક મહત્વનું સૂચન છે કે આજે શાંતિ પણ ભિક્ષાપાત્ર લઈને માગવા નીકળવું પડે તેવી ચીજ બની ગઈ છે. સંહારના વિષચક્રમાં આધ્યાત્મિકતા સિવાય ક્યાંય શાંતિ નથી. તેવો આ કાવ્યનો હેતુ છે. રાજા–રાણીઓની પ્રેમલા–પ્રેમલીની કથાઓ કરતી સંસ્કૃતભાષા અણુબોમ્બની વાત કરે એ જ એની જીવંતતા અને ચેતનાનું પ્રતીક છે.

### (૯) આપશ્રીએ તમે પ્રાચીન કાવ્યશાસ્ત્રના બંધનો સ્વીકાર્યા નથી તેનું શું કારણ છે ?

ડૉ. માધવ : કેમકે મારે ચીલાચાલુ કે બીંબાઢાળ સર્જન કરવું નથી. જો કે, મેં છાંદસ કાવ્યોના પ્રયોગો કર્યાં છે. ગઝલોમાં પણ છંદ હોય છે. ગીતમાં લય હોય છે પણ મને જરૂર પડે તો મારી કવિતા કોઈ પતિવ્રતા, સૂર્યને ન જોનારી, ઘરમાં પૂરાઈ રહેનારી ઘૂમટો કાઢેલી સ્ત્રી નથી કે બધા બંધનોમાં રહે.

### (૧૦) વિવિધ વાદો અંગે તમારું શું મંતવ્ય છે ?

૨૦ મી સદીમાં વિશ્વની કવિતા વિવિધ વાદોમાંથી પસાર થઈ. તેમાં વાસ્તવવાદ, અતિવાસ્તવવાદ પરાવાસ્તવવાદ, કલ્પનવાદ, પ્રતીકવાદ, માર્ક્સવાદ, વગેરે અનેક નવા વાદોનો જન્મ થયો. આ વાદોના સર્જકો, વિચારકો હતા. તેમની પાસે વિવિધ વિચાર ધારાઓ હતી. તેમાંથી સંખ્યાબંધ ઉત્તમકૃતિઓ સર્જાઈ. મારા 'भावस्थिराणि' સંગ્રહમાં તથા અન્યત્ર મેં આવા કાવ્યો લખ્યાં છે. સંસ્કૃત ભાષા સર્વ વિચારોને ઝીલવામાં સક્ષમ ભાષા છે. મારાં કાવ્યોને પ્રસિદ્ધિના મૂળમાં કલ્પન, પુરાકલ્પન, પ્રતીક વગેરે મહત્વના છે. ઉત્તમ કવિઓએ તેમનું અનુકરણ કરવું જોઈએ.

### (૧૧) આપની સાથે વિચાર–વિમર્શ કરીને મને આનંદ થયો. હાલમાં આપશ્રી કયા પ્રકારનાં સર્જનમાં પ્રવૃત્ત છો ?

હું અત્યારે 'સ્મૃતિકથાઓ' નામની મારી બાળપણની સ્મૃતિકથાઓનું સર્જન કરી રહ્યો છું. આત્મકથાને બદલે મને મારી આસપાસના મારા બાળપણમાં મેં જોયેલાં લોકોને

પુનર્જીવિત કરવાની મારી ઈચ્છા છે. આ પાત્રો કલાત્મક રીતે વાર્તાતત્વ સાથે સર્જાય તે મારા સર્જનનો ઉદ્દેશ્ય છે. આપને આપના સંશોધન માટે મારી શુભેચ્છાઓ. !

॥ अस्तु ॥